જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩૦/૦૬/૨૦૨૬ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૯૦૯/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૭ કેસ કરી, ૩૭ વ્યક્તિઓને ઝડપી, ૩૬૦ લીટર દેશી દારૂ, ૮૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૫૭૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૯૩ બિયર ટીન, ૦૨ કાર, ૦૧ મોટર સાયકલ અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૦૪ કેસ કરી, ૧૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૨,૯૨૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૯૧૦/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૧૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨૦ વ્યક્તિઓની અટકાયત અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૯૧૧/૨૦૨૬**

ગુજરાત યુનિવર્સીટીઃ પ્રિયલ દૈપન્ય શાહ (ઉ.વ.૩૬)(રહે.પ્રેયસ સોસાયટી, ગુલબાઇ ટેકરા સામે, જાન્વી રેસ્ટોરન્ટની બાજુમાં) એ તા.૨૯/૦૬/૨૦૨૬ ના રોજ ગુજરાત યુનિવર્સીટી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૩/૦૪/૨૦૨૬ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન પ્રિયલને વોટસઅપ ગૃપ ૨૩૧૭૨૦૫૮૦૪૫૬ તથા વોટસઅપ મેસેન્જર Emaa Brokes(9066950461) તેમજ ટેલીગ્રામ આઇ.ડી. ધારક Ishita Sharma (@IshitaShrma_Manager) અને @Flipkart _Instructor_ Ramesh (Ramesh Dubey) નામના ટેલિગ્રામ આઇ.ડી. ના ધારકે અલગ–અલગ લિંક મોકલી, અલગ–અલગ ટાસ્ક ખરીદ કરવા માટે અલગ–અલગ યુ.પી.આઇ. આઇ.ડી. તથા અલગ–અલગ બેંક ખાતાઓમાં ટુકડે–ટુકડે કુલ રૂપિયા ૨,૫૯,૬૦૦/– પ્રિયલ શાહ પાસેથી યુ.પી.આઈ મારફતે મેળવી લઈ આજદીન સુધી પરત નહી આપી પ્રિયલ શાહ સાથે છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એસ.આર.બાવા ચલાવે છે.

ઇસનપુરઃ પીયુશ સ/ઓ દીલીપકુમાર શર્મા (ઉ.વ.૩૨)(રહે. ખોડીયાર પાર્ક ઘોળેશ્વર મહાદેવ સામે ગણેશપાર્કની બાજુમા ઇસનપુર) એ તા.૨૯/૦૬/૨૦૨૬ ના રોજ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૧/૦૨/૨૦૨૪ થી તા.૨૯/૦૬/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી વૈભવ રજનીકાંત સીંદે (ઉ.વ.૩૪)(રહે.જુહુ ગાંજાવાલા ટેરેસ મુંબઇ સેન્ટ્રલ તાડદેવ મુંબઇ મહારાષ્ટ્ર) એ પીયુશ શર્માના તથા તેમના પરીવારના સભ્યોના યુ.કે.ના જોબ વિઝા કરાવી આપવાનું કહી પીયુશ શર્માને વિશ્વાસમાં લઇ તેમની પાસેથી કુલ રૂપિયા ૬,૪૫,૦૦૦/– મેળવી લઇ વિઝા નહી કરાવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આઇ.એસ.પઠાણ ચલાવે છે.

વાડજઃ અરજણભાઈ ટપુભાઈ મકવાણા (ઉ.વ.૬૪)(રહે.સૌરાષ્ટ્ર શ્રમજીવીનગર તુલસીનગર પાસે જુના વાડજ) એ અગમ્ય કારણસર તા.૨૯/૦૬/૨૦૨૬ બપોરના ૨/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે છતમાં પાઇપ સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ગીરીશકુમાર શીવાભાઈ ચલાવે છે.

વેજલપુરઃ અજીતસિંહ રામભાઇ ડોડીયા (ઉ.વ.૫૮)(રહે.વિકાસ ટેનામેન્ટ પ્રશાંત સ્કુલ પાસે વેજલપુર) એ અગમ્ય કારણસર તા.૨૯/૦૬/૨૦૨૬ સાંજના ૬/૫૫ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી દેવરાજભાઇ ઘીરજીભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી